જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ભરૂચ ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ હાંસોટના **મોજે ગામ વાલનેરના જુના બ્લોક/રે. સર્વે નંબર ૧૮૨, રી-સર્વે બાદ નવો બ્લોક નંબર-૪૦૬** થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન જેનું **ક્ષેત્રફળ હે. આરે. ૧-૦૩-૩૩ ચો.મી.** વાળી જમીન, જેનો મહેસુલી **આકાર રૂા.૯.૬૦ પૈસા** વાળી ખેડ ખાતાની ખેતીની જમીન તે જમીન (૧) રસીદા નિજારઅલી કોટડીયા, (૨) નિજાર હસનઅલી કોટડીયા, (૩) રાજ નિજારઅલી કોટડીયા, (૪) રીતીશા નિજારઅલી કોટડીયા વિગેરેની પોતાની માલીકીની હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી મજકુર જમીનો પરત્વે કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંક યા અન્ય કોઈનો કોઈપણ પ્રકારે લાગ, ભાગ, વારસાઈ હકક, હીત કે દર દાવો કે બોજો હોય યા મજકુર જમીનો કે તે પૈકી કોઈ જમીન વેચાણ રાખ્યા અંગેનું કોઈ લખાણ હોય તો તેમણે દિન-૭ માં લેખીત પુરાવા સહીત હમોને જાણ કરવી. જો તેમ કરવામાં નહી આવે તો મજકુર જમીનો પર કોઈનો હકક, હિત, દાવો નથી અગર હોય તો તે જતો કર્યો છે એમ માની હમારા અસીલ તે અંગેના પાકા લખાણો કરાવી લેશે. તેમા પાછળથી કોઈની તર તકરાર ચાલશે નહી, જેની નોંધ લેવી.

ઓફીસ : પહેલો માળ, લક્ષ્મી વિલા, પેટ્રોલ પંપની સામે, લંબે હનુમાન રોડ, સુરત. મો. ૯૮૨૫૪ ૧૬૧૭.

અમારી મારફતે
અશ્વિન જે. વઘાસિયા
એડવોકેટ & નોટરી

મોજે : ભટગામનાં સર્વે નં. ૪૫/૨ નાં બ્લોક નં. ૬૧૨ નો સોદો રદ કર્યા અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ-ડીસ્ટ્રીકટનાં મોજે ગામ : ભટગામનાં સર્વે નં. ૪૫/૨ નાં બ્લોક નં. ૬૧૨, ખાતા નં. ૨૨૦ થી નોંધાયેલ ખેડખાતાની ખેતીની જમીન, જેનું જરાયતનું ક્ષેત્રફળ સુમારે ૨ હેકટર ૪૮ આરે ૮૯ ચો.મી. તથા પો.ખ.અ.નું ક્ષેત્રફળ સુમારે ૦ હેકટર ૦૭ આરે ૦૮ ચો.મી. મળી કુલ્લે ક્ષેત્રફળ સુમારે ૨ હેકટર ૫૫ આરે ૯૭ ચો.મી. આકાર રૂા. ૨૯.૮૧ પૈસાવાળી છે. તે ખેડખાતની ખેતીની જમીન અંગે તા. ૨૧/૦૬/૨૦૨૬ નાં રોજ ગુજરાતમિત્ર જાહેર ન્યુઝ પેપરમાં વેચાણ અંગેની જાહેર નોટીસ આપેલ. જે મુજબ અમારા અસીલ તથા વેચનારાઓ વચ્ચે વેચાણ અંગે સોદાચિઠ્ઠી બનાવેલ. પરંતુ સદરહું જમીન લેનાર અને વેચનારોએ એકબીજાની પરસ્પર સમંતિ તથા સહમતિથી સદરહું જમીન વેચાણનો સોદો તથા સોદાચિઠ્ઠી ફોરફીટ/રદ/કેન્સલ કરવામાં આવેલ છે. જેથી સદરહું જમીન અંગેનો અગાઉ થયેલ વેચાણ સોદો હવે અમલમાં નથી અને ખરીદનારનો સદરહું જમીનમાં કોઈ હકક, હિત, હિસ્સો, દાવો કે લાગભાગ રહેતો નથી. આથી આજરોજ પછીથી સદરહું જમીનનાં માલિક હવે સદરહું જમીન અંગે કાયદેસર રીતે અન્ય કોઈપણ વ્યકિત કે સંસ્થા સાથે વેચાણ, ગીરો, તબદીલ વિગેરેનો વ્યવહાર કરવા હકકદાર રહેશે. જેની જાહેર જનતા તથા લાગતા વળગતા તમામએ નોંધ લેવી.

ઠેકાણું : ઓફીસ નં. ૧૪૩-૧૪૪, ઓર્ચીડ હાર્મોની, પાલણપોર ફાયર સ્ટેશનની સામે, પાલ ગૌરવપથ રોડ, સુરત.
Mobile No. : 9913007238

અમારી મારફતે,
યોગેશ કે. પટેલ
તેજશ જી. પટેલ તથા
અમીત સી. પટેલ, એડવોકેટસ

મોજે : દુંદેસા, તા.મહુવા, જી.સુરતના રે.સ.નં.૧૩/૨, બ્લોક નં. ૧૮ વાળી જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ મહુવાના મોજે ગામ : દુંદેસાના સર્વે નંબર : ૧૩/૨, બ્લોક નંબર : ૧૮ કે જેનુ જરાયત ક્ષેત્રફળ સુમારે હે. ૦ – ૭૭ આરે – ૦૦ ચો.મી. યાને ૭૭૦૦.૦૦ ચો.મી. કે જેનો આકાર રૂા.પ.૨૦ પૈસા, ખાતા નંબર : ૩૭૩ છે તે ખેતીની જુની શરતની જમીન તેના માલીક નિલ મયંકકુમાર વ્યાસ નાઓએ પોતાની સ્વતંત્ર અને સંપૂર્ણ માલીકી કબજા, ભોગવટા હેઠળની તથા ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નક્કી કર્યું છે. તેથી સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, બેંક કે સંસ્થાનો કોઈપણ પ્રકારે હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર હોઈ કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે ગણોત હકક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭(સાત) માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ મિલ્કતમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર નથી કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે ગણોત હકક નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે. તેમ માની લેવામાં આવશે અને હમારા અસીલ પાકા લખાણો કરાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં કોઈની કોઈપણ તકરાર કે દાવો ચાલશે નહી, જેની નોંધ લેવી.

ઓફીસ :– ૨, નરેશભાઈ ની ચાલ, ભંડારી ફળીયું, ડીંડોલી ગામ, સુરત-૩૯૪૨૧૦.
મો. નં. ૯૯૦૯૫ ૦૭૦૪૦.

મારી મારફત :–
જીગ્નેશ એચ. પટેલ
(B.Com. LLB)
તે ખરીદનારના એડવોકેટ

મોજે રણોદ્રા ના સીટી સર્વે નં. NA93 વાળી બિનખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લા નવસારીના તાલુકા જલાલપોરના **મોજે ગામ રણોદ્રા**ના **બ્લોક નં. ૯૩**, જે સીટી સર્વે ઓફિસ : નવસારી, **સીટી સર્વે વોર્ડ : રણોદ્રા(બિનખેતી)**, **સીટી સર્વે નં. NA93**, **શીટ નં. NA99** વાળી કુલ્લે ૧૭૯૦૮ ચો.મી. વાળી બિનખેતીની જમીન તેના મુળ માલિક/કબજેદાર **રશ્મિબેન કાંતુભાઈ ઉર્ફે કાંતિલાલ પ્રજાપતિ તે ગૌરાંગભાઈ મિસ્ત્રી**ની પત્નીની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થા હેઠળની હોવાનું અને નકરજી, નબોજી ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે, જેથી ઉપરોકત જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/હિસ્સા, દર/દાવા, જપ્તી, અવલ/જપ્તી, લેણુ-બોજા, સોદાચિઠ્ઠી, સાટાખત, કરાર, પાવર ઓફ એટર્ની, દસ્તાવેજ વિગેરે હોય તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહીત દિન-૭માં સંપુર્ણ ખાત્રી રૂબરૂ મળી અમોને કરાવવી, મુદત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું મિલકતમાં હિત, સબંધ, હકક, હિસ્સા કે લાગભાગ, ઈઝમેન્ટના યા ખોરાકી પોષાકીના હકક, દર/દાવા વિગેરે નથી, અને હોય તો તે જતા(વેવ) કરેલ છે. એમ માની લઈ મારા અસીલ મજકુર માલિક સાથે વેચાણ અંગેના વ્યવહારો પુર્ણ કરી, જરૂરી કાયદેસરના દસ્તાવેજો/લખાણો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર, વાંધો, વિરોધ, અવરોધ, અંતરાય, દર-દાવો, દખલગીરી ચાલશે નહી. તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી.

(અસીલની સુચના અને ફરમાઈશથી)

ઓફિસ : ૫૦૭, લક્ષ્મી એન્કલેવ-૨ ગજેરા સ્કુલ પાસે, કતારગામ, સુરત.
હાર્દિક બી. વઘાસીયા
(એડવોકેટ)

: જાહેર નોટીસ :

સુરત ડિસ્ટ્રીકટ, ચોરાસી સબ-ડીસ્ટ્રીકટ, મોજે ગામઃદેવધ ના જુનો સર્વે નં.૭૧, બ્લોક નં.૭૬/અ, જેનો સીટી સર્વે વોર્ડઃદેવધ (બીનખેતી), સીટી સર્વે નં. NA76/A/1, શીટ નં. NA99, ક્ષેત્રફળ ૬૩૨૩.૫૦ ચો.મી. વાળી બિનખેતીની ખુલ્લી જમીનના માલીક (૧)શ્યામલ ઉપાધ્યાય, (૨) પુજન ઉપાધ્યાય, બંને રહેવાસીઃ સીટી સર્વે નં. ૫૦૦૦૧/૧, સોલ બે, અવધ કલાસીમાની બાજુમાં, સાંઈબાબા મંદિરની ગલીમાં, રૂંઢ, સુરત-૩૯૫૦૦૭નાઓ પાસેથી મેસર્સ જીબીઓ એસોસીએટસ એક ભાગીદારી પેઢી, ઠે.:બ્લોક નં.૫૯, દેવધ, તા.ચોર્યાસી, જી.સુરત નાઓએ વેચાણ રાખવાનું નક્કી કરેલ છે. સદરહુ જમીન ઉપર જો કોઈ ઈસમનો, બેંકનો, સરકારી, અર્ધ-સરકારી સંસ્થાનો કે અન્ય કોઈ હરકોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, કબજો, ભોગવટો કે કોઈપણ પ્રકારનો બોજો હોઈ તો આ નોટીસ પ્રસિધ્ધ થયેલ દિન-૭ માં લેખિત પુરાવા સહીત જણાવવું. જો તેવું માલૂમ ન પડશે તો તેવા તમામ પ્રકારના હકકો છોડી દીધેલ ગણાશે તથા મુદત વિત્યે અમારા અસીલ કાયદેસરનો રજીસ્ટડ દસ્તાવેજ કરાવી લેશે. જે અંગે પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમારી મારફત
દિનેશચંદ્ર એન. ઉપાધ્યાય એસોસિએટ્સ
ઠે. ૩૦, મહેક બંગલો, વી.ટી. ચોકસી લો-કોલેજની બાજુની ગલીમા, પાર્લે પોઈન્ટ, સુરત.
તા. ૧૯/૦૯/૨૦૨૬
પ્રણવ ડી. ઉપાધ્યાય
ધવલ ડી. ઉપાધ્યાય
એડવોકેટ્સ

હિના બંગલોઝ પ્લોટ નંબર ૫૮ ના વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, તાલુકા મજુરાના શહેર સુરતના ભરથાણા-વેસુના મૂળ બ્લોક નંબર ૨૩, ૨૬, ૨૭, ૨૯, ૩૦ થી ૩૮, ૪૪ તથા ૪૬ થી ૫૮ વાળી જમીનોના એકત્રીકરણ બાદ હાલના એકત્રીત બ્લોક નંબર ૨૩ વાળી, તથા ડ્રાફટ ટી.પી. સ્કીમ નંબર મુજબ ઓરીજીનલ પ્લોટ નંબર ૨૪ તથા ૨૫ ફાયનલ પ્લોટ નંબર ૨૬ તથા ૨૭ તથા પ્રીલીમીનરી સ્કીમ મુજબના ફાયનલ પ્લોટ નંબર ૩૨ તથા ૩૩ વાળી ''હિના બંગલોઝ'' ના નામથી ઓળખાતી ઢિનખેતીની જમીનમાં પાડવામાં આવેલાં પ્લોટો પૈકી પ્લોટ નંબર ૫૮ વાળી ૧૨૯ સ.ચો.મી. તથા રોડ રસ્તા તથા કોમન ઓપન પ્લોટની ફાળે પડતાં હિસ્સાની ૩૨ સ.ચો.મી. ક્ષેત્રફળવાળી જમીન તેના માલિક બિપીન વ્રજલાલભાઈ માલાણીએ પોતાની સ્વતંત્ર માલિકીની તથા પ્રત્યક્ષ કબજામાં ચાલી આવેલ હોવાનું જણાવી મારા અસીલને પ્રત્યક્ષ કબજા સહિત તથા તમામ બોજારહિત વેચાણ આપવા નકકી કરેલ છે. મજકુર મિલકતના ટાઈટલને લગતાં નીચે જણાવેલ અસલ દસ્તાવેજો ગુમ થયેલ છે.

ગુમ થયેલ દસ્તાવેજોની વિગત
(૧) વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર ૭૪૦૪ તારીખ ૧૭/૦૭/૨૦૦૪ તથા તેની રજીસ્ટ્રેશન ફી ભર્યાની પહોંચ
(૨) વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર ૧૨૫૮૭ તારીખ ૨૭/૧૦/૨૦૦૫ ની રજીસ્ટ્રેશન ફી ભર્યાની પહોંચ

મજકુર મિલકત પર કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેન્કના કોઈપણ પ્રકારના હક, હિત, હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો, હિત-સંબંધ, કલેઈમ, લેણું, ચાર્જ, બોજો લીઅન, ઈઝમેન્ટ, સાટાખત કે સમજુતી રૂએના હક વગેરે હોય તો આ નોટીસની પ્રસિધ્ધીથી દિન-૭ માં નીચે સહિ કરનારને તે અંગે લેખીતમાં પુરાવા સહિત જાણ કરવી. મુદત વીત્યે કોઈના કોઈપણ પ્રકારના હક નથી અને હોય તો તે છોડી દીધાં છે તેમ ગણી મારા અસીલ ઉપરોકત માલિક પાસે મજકુર મિલકતનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. મુદત બાદની તકરાર ધ્યાને લેવાશે નહિ કે મારા અસીલને બંધનકર્તા રહેશે

સુરેશ સાદકવાલા, કશ્યપ એસ. સાદકવાલા
તે ખરીદનારના એડવોકેટસ્
૧૨૪-૧૨૫-૧૨૬, સીગાપુરી વાડી, સલાબતપુરા, સુરત.

-:: જાહેર નોટીસ ::-

શહેર સુરતના સુમુલ ડેરી રોડ વિસ્તારમાં આવેલ મોજે કતારગામના રે.સ.નં. ૪૨૦/૩ પૈકી, વોર્ડ કતારગામ, સીટી સર્વે નં. ૨૬૯૮ થી ૨૭૧૧/બ, આવેલ **શ્રી નિવાસ કોમ્પલેક્ષ** ના બિલ્ડીંગ-એ ના ત્રીજા માળે આવેલ **ફલેટ નં. એ/૩૦૧** વાળી મિલકત સ્વ. મહેન્દ્રભાઈ ડી.પટેલના સીધી લીટીના કાયદેસરના વારસદારો તરીકે (૧) સકુન્તલા તે મહેન્દ્રભાઈ પટેલની વિધવા પત્ની, (૨) અલ્પેશ એમ. પટેલ, (૩) ઉમેશ એમ. પટેલ, (૪) યોગીની મહેન્દ્રભાઈ પટેલની દીકરી અને તે રમેશ બલ્લિઈની પત્નીનાઓની સંયુકત માલીકીની ચાલી આવેલ છે. સદરહુ મિલકત બાબતે અસલ શેર સર્ટીફીકેટ નં. ૬૫ (અનુ.નં. ૩૨૧ થી ૩૨૫) અમારા અસીલો કનેથી ગેરવલ્લે યાને ગુમ થઈ ગયા છે અને અમારા અસીલોએ ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરવા માટે મજકુર સોસાયટીમાં અરજી કરેલ છે તેથી જો તે અંગે કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંકને કોઈપણ પ્રકારનો વાંધો હોય યા મજકુર શેર સર્ટીફીકેટ કોઈના કબજા ભોગવટામાં હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને નીચે સરનામે આધરભુત પુરાવા સહિત લેખિતમાં જાણ કરી, ખાત્રી કરાવવી. મુદ્દત વિત્યેથી મજકુર સોસાયટી તરફથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર તકરાર ચાલશે નહી, જેની લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

ઈ/૩, બાલાજી ભુવન, પ્રથમ રો-હાઉસ, હનીપાર્ક રોડ, અડાજણ, સુરત.
મો.નં. ૯૫૩૭૧-૦૧૬૫૧

વિલિસ એચ. ટીકીવાળા
એડવોકેટ

શહેર સુરતના સલાબતપુરા બાલાભાઈની શેરી વિસ્તારમાં આવેલ સીટી સર્વે વોર્ડ નં.: ૩, સીટી સર્વે નં. : ૨૨૫૧/અ તથા સીટી સર્વે નંબર : ૨૨૫૧/બ થી નોંધાયેલી મીલકતની વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ સુરત સીટીના શહેર સુરતના સલાબતપુરા બાલાભાઈની શેરી વિસ્તારમાં આવેલ સીટી સર્વે વોર્ડ નંબર : ૩, સીટી સર્વે નંબર : ૨૨૫૧/અ થી નોંધાયેલી મીલકત, જેનું ક્ષેત્રફળ સુમારે ૧૧૪.૫૪૯૮ ચોરસ મીટર છે તથા વોડ નંબર : ૩, સીટી સર્વે નંબર : ૨૨૫૧/બ થી નોંધાયેલી મીલકત, જેનું ક્ષેત્રફળ સુમારે ૫૮.૫૨૯૧ ચોરસ મીટર છે જેનું કુલ્લે ક્ષેત્રફળ ૧૭૩.૦૭૮૯ ચોરસ મીટર છે, તેમજ સુરત મહાનગર પાલીકાના રેકર્ડ મુજબ વપરાશનું ક્ષેત્રફળ સુમારે ૫૫.૪૪ ચોરસ મીટર છે જેનો ટેનામેન્ટ નં.૦૩બી-૧૧-૧૧૦૧-૦-૦૦૧ આવેલ છે તે મીલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના હકકો સહીત કુલ્લે દરોબસ્ત તેના માલીક (૧) ધનસુખલાલ રતીલાલ (૨) મનહરલાલ રતીલાલ (૩) પ્રવિણચંદ્ર રતીલાલ (૪) મદનબેન રતીલાલ (૫) કૈલાશબેન રતીલાલ તથા (૬) હિમેશભાઈ ઈન્દ્રવદન ની સંયુકત માલીકી, કબજા ભોગવટા હેઠળની તથા ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી, હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કર્યુ છે. તેથી સદરહુ મિલ્કતમાં કોઇપણ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ પ્રકારે હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર હોઇ કે ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઇઝમેન્ટનો હકક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭(સાત) માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ મિલ્કતમાં કોઇપણ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર નથી કે ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઇઝમેન્ટનો હકક નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે. તેમ માની લેવામાં આવશે અને હમારા અસીલ પાકા લખાણો લખાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં કોઇની કોઇપણ તકરાર કે દાવો ચાલશે નહી, જેની નોંધ લેવી.

ઓફિસ : એસ-૭ થી એસ-૧૦ મેઘધનુષ એપાર્ટમેન્ટ, અડાજણ પાટીયા, સુરત
Mo. 79841 99799, Mo. 9824704481

SNR ASSOCIATES TRUSTED ADVISOR | SINCE 2005

ખરીદનારના એડવોકેટ્સ
શૈલેષ એન. રાજપુત (એડવોકેટ એન્ડ નોટરી)
શર્મિલ જે. માલી (એડવોકેટ)

જાહેર નોટિસ

સુરત ડિસ્ટ્રીકટ, પલસાણા સબ-ડિસ્ટ્રીકટનાં ગામ મોજે : બારાસડીનાં રેવન્યું સર્વે નંબર : ૧૯ કે જેનો રેવન્યુ સર્વે/બ્લોક નંબર : ૨૫ કે જેનું ક્ષેત્રફળ હે-૦૦, આરે-૭૩, ચો.મી.-૭૩ યાને ૭,૩૭૩ ચોરસ મીટર તથા પોત ખરાબા-અ નું ક્ષેત્રફળ હે-૦૦, આરે-૦૨, ચો.મી.-૩૮ યાને ૨૩૮ ચોરસ મીટર મળી કુલ ક્ષેત્રફળ હે-૦૦, આરે-૭૬, ચો.મી.-૧૧ યાને ૭,૬૧૧ ચોરસ મીટર કે જેનો આકાર રૂા. ૯.૧૯ પૈસા તથા ખાતા નંબર : ૮ વાળી જરાયતની જુની શરતની ખેતીની જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારનાં તમામ હકકો સહિત તથા તેમાં આવેલ ઝાડ, બીડ, ઝાપાબંધી સહિતની કુલ્લે દોબસ્તવાળી જમીનનાં માલિક ઈશ્વરભાઈ છોટુભાઈ પટેલ અમારા અસીલને વેચાણ કરવા માંગે છે. જેથી સદરહું ખેતીની જમીનમાં ઉપરોકત્ત ઈસમો સિવાય કોઈપણ શખ્સ યા સંસ્થા કે બેંકોનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, દરદાવો કે કબજો ભોગવટો, લેણાં કે ઈઝમેન્ટનાં રાઈટ્સ વિગેરે પહોંચતા હોય તો તેઓએ અમોને આ નોટિસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ (સાત) માં લેખિત પુરાવા સહિત જાણ કરવી. ત્યારબાદ કોઈનાં કોઈપણ જાતનાં હકકો ચાલશે નહીં અને હોય તો તે અમારા અસીલની તરફેણમાં જતાં કર્યા છે તેમ માની અમારા અસીલ ઉપરોકત્ત ખેતીની જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અરૂણભાઈ ડી. પટેલ તે ખરીદનારનાં એડવોકેટ
ઓફિસ : ૩૦૪, ત્રીજો માળ, મીલીયોનર- બીઝનેસ પાર્ક, મેકડોનાલ્ડ રેસ્ટોરન્ટની ઉપર, ટી. જી. બી. રેસ્ટોરન્ટની સામે, એલ. પી. સવાણી રોડ, અડાજણ, સુરત. મોબાઈલ નંબર : ૯૮૨૫૭-૭૫૨૮૯.

મોજે સિંગણપોર, બ્લોક નં. ૧૨૮/૧ તથા ૧૨૮/૨ વાળી જમીન અંગે એડવોકેટશ્રી વિજય એચ. પટેલ તથા રાજેશ એન. પટેલ નાઓએ તેઓના અસીલ મનીષકુમાર પ્રવિણભાઇ પટેલ વિગેરે મારફત પ્રસિધ્ધ કરાવેલ જાહેર નોટીસ/ જાહેર ચેતવણી વિરૂધ્ધ જાહેર જવાબ

હમારા અસીલ ફરજાનાબેગમ અકબરઅલી સૈયદ વિગેરે તરફે ઉપરોકત નોટીસના અનુસંધાને ખુલાસો કરવાનો કે,

ઉપરોકત જમીન હમારા અસીલ ફરજાનાબેગમ અકબરઅલી સૈયદ વિગેરે સદરહુ જમીનના માલીકો દોલતભાઈ પટેલ, ધનુબેન તે આત્મારામભાઈની દિકરી, જશુબેન તે આત્મારામભાઈની દિકરી, મંજુલાબેન તે આત્મારામભાઈની દિકરી, લતાબેન તે આત્મારામભાઈની દિકરી, મનુબેન તે આત્મારામભાઈની દિકરી તથા પ્રવિણભાઈ આત્મારામભાઈ પટેલ તથા અન્યો કનેથી રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. ત્યારથી સદરહુ જમીનમાં હમારા અસીલનો માલીકી હકકે પ્રત્યક્ષ કબજો ચાલી આવેલ છે અને રેવન્યુ દફતરે પણ હમારા અસીલનું નામ ઘણાં વર્ષોથી ચાલી આવેલ છે. જમીનમાલીકોએ દસ્તાવેજ ઉપરાંત અન્ય લખાણો પણ હમારા અસીલના લાભમાં કરી આપેલ છે. આવી સ્પષ્ટ હકીકત હોવા છતાં ઉપરોકત જમીનમાલીકો દ્વારા સ્પે.દિ.મુ.નં. ૧૪૭/૨૦૧૩ નો દાવો કરવામાં આવેલો. જે દાવો ઉપરોકત હકીકતના અનુસંધાને તેઓએ પરત ખેંચી લીધેલો. જે દાવામાં થયેલ કોર્ટ કમિશનમાં પણ હમારા અસીલનો પ્રત્યક્ષ કબજો, ભોગવટો ચાલી આવેલો. ત્યારબાદ, મનીષકુમાર પ્રવિણભાઈ પટેલ વિગેરેએ નાણાંકિય અણછાજતો લાભ લેવાના હેતુથી એક જ હકીકતનું ફરીથી પુનરાવર્તન કરી સ્પે.દિ.મુ.નં. ૨૬૬/૨૦૧૩ નો દાવો દાખલ કરેલો અને જે દાવામાં હમારા અસીલે સચોટ જવાબ રજૂ કરેલ છે. જે દાવો હાલમાં પેન્ડીંગ છે. જે દાવો ફકત નાણાં પડાવવાના બદહેતુથી કરવામાં આવેલો છે. જેથી તે દાવાનો ઉલ્લેખ કરી ઉપરોકત જે જાહેર નોટીસ/ચેતવણી પ્રસિધ્ધ કરવામાં આવેલી છે તેનાથી કોઈએ પણ ભરમાવવું નહીં. જેની નોંધ લેશો.

અમારી મારફત :
જે. બી. ગોળવાલા
મીત જે. ગોળવાલા
હિતેશ ડી. ખાટીવાલા
બ્રિજેશ કે. પટેલ
એડવોકેટ્સ

સહી- ફરજાનાબેગમ અકબરઅલી સૈયદ વિગેરે

ઓ: ૩૦૧-૩૦૨, સત્યમ કોમ્પ્લેક્ષ, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત તા.૧૬/૯/૨૦૨૬

જિ.સુરત, તા.મજુરા, મોજે : ડુમસ ગામના બ્લોક/સર્વે નંબર : ૭૪૫, ટી.પી.સ્કીમ નંબર : ૮૨(ડુમસ), ફાયનલ પ્લોટ નંબર :૭૨, જેનું ક્ષેત્રફળ ૧૦૯૧૭ ચો.મી. પૈકી ૪૦૫૩.૮૦ ચો.વાર જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જિ.સુરત, તા. મજુરા, મોજે : **ડુમસ ગામના બ્લોક/સર્વે નં. ૭૪૫** થી નોંધાયેલી બીનખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ ૧૬૭૯૫ ચો.મી. જેનો **ટી.પી.સ્કીમ નં.૮૨(ડુમસ), ફા.પ્લોટ નં. ૭૨,** જેનું ક્ષેત્રફળ ૧૦૯૧૭ ચો.મી. વાળી જમીન **(૧) નીકેશકુમાર નાનાલાલ વિરવાડીયા, (૨) ચેતનભાઈ મુક્તિલાલ મહેતા, (૩) કમલેશભાઈ સુર્યકાંત સિરિયા, (૪) છાયા જીગેશ શાહ, (૫) લતાબેન રજનીકાંતભાઈ શાહ**નાઓની સંયુકત માલીકી, કબજા-ભોગવટાની ચાલી આવેલ છે. સદરહું ફાયનલ પ્લોટની જમીન પૈકી ૧૮ મીટર રોડને લાગુ **૪૦૫૩.૮૦ ચો.વાર** જમીન કલીયર માર્કેટેબલ ટાઈટલ્સ તથા કોઈપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું તેઓએ જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેમજ સદરહું જમીન અમારા અસીલ ખરીદ કરવા ઈરાદો ધરાવે છે. જેથી સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંક કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત-હીસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દાવો-ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭** માં અમોને પુરાવા સહિત લેખિતમાં નીચે જણાવેલ સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદ્દત વિત્યે સદરહું જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હીત-હીસ્સો, અલાખો અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દાવો-ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે એમ માની અમો નીચે સહી કરનાર સદરહું જમીનના માલીક પાસેથી કાયદેસરના લખાણો/દસ્તાવેજ કરાવી લેશે ભવિષ્યમાં તે અંગે કોઈની કાંઈપણ પ્રકારે તર-તકરાર, દાવો, ફરીયાદ ચાલશે નહીં જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તારીખઃ ૧૯/૦૯/૨૦૨૬
ઓફીસ : ૨૦૧-૨૦૨, બાબુભાઈ ચેમ્બર્સ, અઠવાગેટ કોસીંગ, અઠવાગેટ, સુરત.
મો.નં. ૯૩૭૫૫ ૨૬૨૬૪

ભદ્રા ધીમંત જોષી
તે ખરીદનારના એડવોકેટ

જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ સુરતસીટી સબ-ડીસ્ટ્રીકટનાં શહેર સુરતનાં સીટી સર્વેના **વોર્ડ નં.૧૨** ના નીચે કોષ્ટકમાં જણાવ્યા મુજબની મિલકતોનાં માલિક નરેશકુમાર માંગીલાલ ભણસાળી હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે.

કમ	સીટી સર્વે નોંધ નં.	કુલ્લે ક્ષેત્રફળ (ચો.મી.)
૧.	૩૧૫૭	૩૨.૬૦૯૧
૨.	૩૧૫૮	૭૧.૦૭૧
૩.	૩૧૫૯	૭૫.૨૫૧૭
૪.	૩૧૬૦	૫૩.૫૧૨૩
૫.	૩૧૬૧	૨૨.૫૭૫૫

ઉપરોકત મિલકતો અંગેનાં નીચે જણાવેલ વિગતનાં પેપર્સો ગુમ થયેલ છે. જેથી સદરહું મિલકતોમાં કોઈના કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, બોજો, ગીરો, લિયન વિગેરે તેમજ કોઈપણ નાંણાકીય ધિરાણ આપનારી ખાનગી કે સરકારી સંસ્થ